ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૫૪/૧૮-૧૯/ 410 તારીખ : 12 JAN 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી હરદેવસિંહ શિવુભા ગોહિલ,
મીલીટરી સોસાયટી, પ્લોટ નં.૧૫,
ભાવનગર – ૩૬૪ ૦૦૩.
**મો.નં. ૯૮૭૯૭ ૪૭૪૧૫.**

કેસ નં.૧૫૪/૧૮-૧૯

**વિષય : વીજ કનેકશનના લાઈટબીલમાં ઉજાલા બલ્બની ઉધારેલ રકમ પરત કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૩/૧૨/૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૫૪/૧૮-૧૯/૫૮૦૨ તા.૨૬/૧૨/૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૫૪/૧૮-૧૯/૭૪ તા.૦૫/૦૧/૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૯/૦૧/૨૦૧૮** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **શહેર–૨ ભાવનગર.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ચિત્રા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૫૪/૧૮–૧૯** ☜

વાદી :– શ્રી હરદેવસિંહ શિવુભા ગોહિલ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખઃ– ૧૯.૦૧.૨૦૧૯** ◈

હાજર રહયા :– શ્રી હરદેવસિંહ શિવુભા ગોહિલ – વાદી પોતે

પ્રતિવાદી :– શ્રી ટી. એમ. પંડયા, (કા.વા.)કાર્યપાલક ઈજનેર, શહેર–ર વિભાગીય કચેરી, ભાવનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી હરદેવસિંહ શિવુભા ગોહિલ, મુ.ભાવનગરની વીજ કનેકશનના લાઈટબીલમાં ઉજાલા બલ્બની ઉધારેલ રકમ પરત કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૫૪/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૫૪/૧૮–૧૯/૫૮૦૨ તા.૨૬.૧૨.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૯.૦૧.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી હરદેવસિંહ શિવુભા ગોહિલ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી ટી. એમ. પંડયા, (કા.વા.)કાર્યપાલક ઈજનેર, શહેર–ર વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ ચિત્રા સબ ડીવીઝનમાં અમો ગ્રાહક નં.૮૧૫૩૭/૨૧૦૯૯/૮ થી ઘરવપરાશનું વીજજોડાણ ધરાવીએ છીએ. EESL કંપની પાસેથી અમોએ LED ઉજાલા બલ્બ નંગ–૧૦ રૂ.૮૦૦–૦૦ માં તા.૩૧/૦૫/૨૦૧૬ ના રોજ રોકડેથી ખરીદ કરેલ છે, તેના કેશ મેમોની નકલ આ સાથે સામેલ છે.

૧.૨ ઉપરોક્ત વિગતે બલ્બ અમોએ રોકડેથી ખરીદ કરેલ હોવા છતાં તેની રકમ વખતો વખતના અમારા નીચે મુજબના લાઈટબીલમાં ખોટી રીતે ચડાવવામાં આવેલ છે.(નકલ સામેલ છે.)

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

..૨..

| અ.નં. | બીલનો સમયગાળો | ઉજાલા બલ્બની રકમ રૂા. | લાઈટ બીલની રકમ રૂા.–પૈસા |
|---|---|---|---|
| ૧ | જુન–જુલાઈ–૨૦૧૭ | ૭૫–૦૦ | ૨૯૩૦–૦૦ |
| ૨ | ઓગસ્ટ–સપ્ટે–૨૦૧૭ | ૧૫૦–૦૦ | ૧૮૯૯–૭૩ |
| ૩ | ઓગસ્ટ–સપ્ટે–૨૦૧૮ | ૧૫૦–૦૦ | ૧૯૨૦–૦૦ |
| ૪ | ઓકટોબર–નવેમ્બર–૨૦૧૮ | ૧૫૦–૦૦ | ૨૦૪૫–૦૦ |
| | કુલ | ૫૨૫–૦૦ | |

૧.૩ અમારૂ લાઈટ કનેકશન કપાઈ ન જાય તે માટે શુધ્ધ બુધ્ધિ પુર્વક ઉપરોકત બીલોની રકમ અમોએ ભરી આપેલ છે. સબબ ખોટી રીતે ચડાવેલ ઉજાલા બલ્બની રકમ રૂા.૫૨૫–૦૦ અમારા આગામી ડીસે–જાન્યુ–૨૦૧૮ ના બીલમાં મજરે અપાવવા વિનંતી છે. વધુમાં ઉજાલા બલ્બની રકમ કોની ભુલથી ચડાવવામાં આવેલ છે તે અંગે તપાસ કરવા–કરાવવા તથા જો ભુલ ઈરાદાપુર્વકની હોય તો EESL કંપની પાસેથી તેની વસુલાત કરવા તથા કંપની સામે યોગ્ય તે પગલા લેવા–લેવરાવવા માટેની ઘટતી કાર્યવાહી કરવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ ચિત્રા પેટા વિભાગીય કચેરી હેઠળ આવતાં ગ્રાહક શ્રી હરદેવસિંહ શીવુભા ગોહિલ, ગ્રાહક નં.૮૧૫૩૭/૨૧૦૯૯/૮, દવારા ઉજાલા લેમ્પ રોકડેથી ખરીદેલ હોવા છતાં તેમના વીજબીલમાં ઉજાલા લેમ્પની બાકી આવેલ.

૨.૨ સદર ગ્રાહકની તા.૩૦/૧૧/૨૦૧૮ ની અરજી અન્વયે પેટા વિભાગીય કચેરી ચિત્રા દવારા EESL ની સુચના મુજબ ઈ–ઉર્જા પ્રોસેસ કરેલ, જેના લીધે હાલનું માહે ઓકટોબર–નવેમ્બર–૨૦૧૮ માં એલઈડી લેમ્પના હપ્તા બંધ કરેલ છે.

૨.૩ સદર પ્રોસેસ EESL કંપની લેવલેથી ચેક થતી હોય, સદર ગ્રાહકની રજુઆત સાચી ઠરશે તો આપની વસુલાત કરેલ રકમ સીસ્ટમ લેવલે જરૂરી એડજસ્ટમેન્ટ આપીને જમા આપવામાં આવશે.

૨.૪ વધુમાં અગાઉ પણ સદર ગ્રાહકને ચિત્રા પેટા વિભાગીય કચેરી દવારા તા.૨૧/૧૦/૨૦૧૭ ના રોજ રૂા.૩૦૦/– એલઈડી બલ્બની વસુલેલ રકમ જમા આપેલ તેમ છતાં EESL કંપની દવારા ફરીથી ઉધાર આપેલ છે.

૨.૫ જે આપ સાહેબની જાણ સારૂ તથા યોગ્ય થવા સારૂ.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી હરદેવસિંહ શીવુભા ગોહિલ ભાવનગર શહેરમાં ઘરવપરાશ માટેનું વીજજોડાણ ગ્રા.નં.૮૧૫૩૭/૨૧૦૯૯/૮ થી ધરાવે છે.

૩.૨ વાદીએ મે–૧૬ માં સરકારશ્રીની EESL યોજના હેઠળ એલ.ઈ.ડી. બલ્બ નંગ ૧૦ રૂા.૮૦૦/– રોકડા ભરીને ખરીદેલ.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૩.૩ વાદીને પ્રતિવાદી દવારા આપવામાં આવેલ વીજ વપરાશનાં બીલમાં જુન–જુલાઈ–૧૭ થી ઓકટો–નવે–૨૦૧૮ દરમ્યાન ઉજાલા બલ્બની રકમના E.M.I. પેટે કુલ રૂા.૫૨૫/– ઉધારવામાં આવેલ, જે વાદીએ દરેક બીલ સમયમર્યાદામાં ભરી આપેલ અને નકલ રજુ કરેલ છે. આમ વાદીએ એલ.ઈ.ડી. બલ્બ રોકડેથી ખરીદેલ હોવા છતાં તેઓનાં વીજબીલમાં બલ્બની રકમ ઉધારવામાં આવે છે.

૩.૪ પ્રતિવાદીએ આ રકમ જમા આપવા માટે તથા હવે આ રકમ વીજબીલમાં નહી ઉધારવામાં આવે તેવું ફોરમને જણાવેલ છે અને તે અંગેની કાર્યવાહી ચાલુ છે તેવું જણાવેલ છે.

૩.૫ વાદી અને પ્રતિવાદીની રજુઆત ધ્યાનમાં રાખી હુકમ કરવામાં આવે છે કે પ્રતિવાદીએ દિવસ–૧૦ માં વાદીએ ભરેલ રકમ રૂા.૫૨૫/– તેમના વીજબીલમાં જમા આપવા તેમજ જો હજુ પણ બલ્બની રકમ વીજબીલમાં ઉધારવામાં આવે અને પ્રતિવાદી દવારા તે અંગેની કાર્યવાહી પુર્ણ ન થાય તો વાદીએ વીજબીલમાં તે હપ્તાની રકમ ભરવાપાત્ર રહેતી નથી. પ્રતિવાદી ને જણાવવામાં આવે છે કે આ રકમ અંગેની બાબતને લઈને વીજજોડાણ કાપવું નહી તેમજ વિલંબીત ચુકવણી ચાર્જ વાદીએ ભરવાપાત્ર રહેશે નહી.\

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૫ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
સ્વતંત્ર સભ્યશ્રી

(પી. એચ. માવાણી)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :–૧૯.૦૧.૨૦૧૯

Grievance Redressal Forum
P.G.V.C.L
Bhavnagar.